જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૮/૦૬/૨૦૧૬ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૮/૧૬

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૫ કેસ કરી, ૪૧ વ્યક્તિઓને ઝડપી ૨૯૯ લીટર દેશી દારૂ, ૩૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૧૫ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ બિયર ટીન અને ૧ ઓટોરિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૮૩૪૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૧૮૯/૧૬

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૩૨૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૨૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## ખુનની કોશીશ :- સમાચાર યાદી નં.૧૧૯૦/૧૬

વાડજ : કમળાબહેન ગંગારામ દંતાણી (ઉ.વ.૩૫)(રહે.પલક ચાર રસ્તા પાસેનાં છાપરામાં, નવા વાડજ) એ સિવિલ હોસ્પીટલ ખાતે વાડજ પોલીસ સમક્ષ ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૬/૧૬ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે કમળાબહેનના પતિ ગંગારામ ઉર્ફે ગગો સુર્યાભાઇ દંતાણી, નવા વાડજ રાણીપ ક્રોસ રોડ ખાતે પિયરમાં રિસામણે આવેલ કમળાબહેનને ગંગારામ લેવા આવ્યા હતા ત્યારે કમળાબહેને સાથે જવાનુ ના પાડતા ગંગારામે પ્લાસ્ટીકની બોટલમાં કેરોસીન ભરી લાવી, કમળાબહેન ઉપર છાંટી, દિવાસળી ચાંપી જાનથી મારી નાંખવાની કોશીશ કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.બી.બુંબડીયા ચલાવે છે.

## લુંટ :- સમાચાર યાદી નં.૧૧૯૧/૧૬

કૃષ્ણનગરઃ ભાવીકાબહેન મુકેશભાઇ બીટલાણી (રહે, જુલેલાલપાર્ક, આશારામ સોસાયટી સામે, ઠક્કરનગર) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૬/૧૬ ના કલાક ૪/૪૫ થી ૫/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ભાવીકાબહેન અને તેમની જેઠાણી, ઠક્કરનગર બાપા સિતારામ મઢુલી નજીકથી સી.એન.જી.ઓટોરીક્ષા નંબર જીજે.૦૧.૬૬૩ માં બેસી કરેલ મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ બીજા એક ઇસમે ભેગામળી ચાકુ બતાવી, ભાવીકાબહેનની અને ભાવીકાબહેનના જેઠાણીની સોનાની ચેઇન અને દાગીના મળી કુલ કિંમત રૂપિયા ૧,૨૨,૦૦૦/- મતાની લુંટ કરી પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એફ.આર.વાઘેલા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>ઘરફોડઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૨/૧૬</u>

વટવાઃ સંજયસિંગ શ્યામકુમારસિંગ ભુમિહાર (રહે.મોહજગત સોસાયટી ધનપાલેશ્વર સોસાયટીની સામે વિંઝોલ ફાટકની પાસે વટવા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૬/૧૬ રાતના ૧૧/૩૦ થી તા.૨૮/૬/૧૬ સવારના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના કિમત રૂપિયા ૨,૯૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૩,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૫,૯૦,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે એચ સરવૈયા ચલાવે છે.

ઇસનપુરઃ રાજલક્ષ્મીબહેન શાલીનભાઇ ગણેશન (રહે, આશના-૨, ચીફ જજીસ બંગ્લો લાઇન, બોડકદેવ) એ તા.૨૭/૬/૧૬૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૬/૧૬ ના કલાક ૧૨/૦૦ થી તા.૨૭/૬/૧૬ કલાક ૮/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ઈસનપુર રાજધાની બંગલા નંબર-૧૪ ખાતે રહેતા રાજલક્ષ્મીબહેનની માતાનાં ઘરનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા ૮૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૩૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી સી.ડી.વૈશ્યક ચલાવે છે.

મણીનગરઃ પરેશભાઇ ઇન્દ્રવદન શાહ (રહે,સંસ્કૃતિ ફ્લેટ, ગુડલક હોલની સામે, દક્ષીણી સોસાયટી, મણીનગર) એ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૬/૧૬ ના કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાનાં મકાનનું તાળુ તોડી, અજાણી ત્રણ વ્યક્તિ (૨૫ થી ૩૦ વર્ષ આશરાનાં) ઘરમાં પ્રવેશ કરી, તીજોરીમાંથી સોનાનાં દાગીના અને રોકડ રૂપિયા ૩૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.વી.બારિયા ચલાવે છે.

<u>ચોરીઃ-</u> <u>સમાચાર યાદી નં.૧૧૯૩/૧૬</u>

સોલા હાઇકોર્ટઃ દેવલભાઇ દિલીપભાઇ પટેલ (રહે. તપન ટેનામેન્ટ, સેમેશ્વર પાર્ક વિભાગ-૩ ની સામે, થલતેજ) એ તા.૨૭/૬/૧૬ નારોજ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૬/૧૬ સવારના ૧૦/૩૦ થી બપોરનાં ૪/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાનાં ઘરની બારીની સ્ટોપર ખોલી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, કબાટમાંથી સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૨૭,૦૦૦/-, ચાંદીનું બ્રેસલેટ કિંમત રૂપિયા ૪,૦૦૦/- અને રોકડ રૂપિયા ૨૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૫૧,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)